Volume-05
Issue-06
June-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI:https://doi.org/10.31305/rrijm.2020.v05.i06.011

# હિંદુ ધર્મ: સત્વ અને સમીક્ષા

ધવલ એચ. પરમાર

*પીએચ.ડી. રિસર્ચ સ્કોલર, ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 15 June 2020

**Keywords**
*હિંદુ ધર્મ, વૈદિક સંસ્કૃતિ, તત્વજ્ઞાન, પુરાણવિદ્યા , વેદ તેમજ ઉપનિષદ*

***Corresponding Author**
*Email: idhavalparmar[at]gmail.com*

**ABSTRACT**

*હિન્દુ ધર્મએ કેટલાક પ્રાચીન ધર્મોમાંનો એક છે. પ્રાચીન વિશ્વની સૌથી મોટી સંસ્કૃતિ જે સિંધુ ખીણ પ્રદેશથી શરૂ થઇ ત્યારથી આજ સુધી હિન્દુ ધર્મની શરૂ થયેલી પરંપરાઓનો ઓછામાં ઓછો છેલ્લાં પાંચ હજાર વર્ષથી વિકાસ થયો છે. હિન્દુ ધર્મનો કોઈ 'સ્થાપક' નથી, કે પ્રબોધક કે પ્રારંભિક શિક્ષક નથી. હિન્દુઓ માને છે કે તેમના ધર્મની કોઈ ઓળખાણ અથવા શરૂઆત નથી અને તેથી જ તેને સનાતન ધર્મ 'શાશ્વત માર્ગ' તરીકે ઓળખવામાં આવે છે. નામની વાત કરીએ તો, 'હિન્દુ' એ શબ્દ પહેલી વાર પર્સિયનો દ્વારા ઉપયોગમાં લેવામાં આવ્યો હતો, જેનો ઉપયોગ ઈ.પૂ 6ઠ્ઠી સદીમાં સિંધુ નદીની પાર રહેતા લોકોનું વર્ણન કરવા માટે કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં તેની કોઈ વિશિષ્ટ ધાર્મિક ભાવના નહોતી અને આ શબ્દનો ધાર્મિક અર્થ આશરે એક હજાર વર્ષ સુધી વિકસિત થયો નહોતો. પ્રસ્તુત અભ્યાસ લેખમાં હિન્દુ ધર્મની ઉત્પત્તિ, વ્યુત્પત્તિ, તથ્યો માન્યતાઓ અને ઇતિહાસ વગેરેનું સારરૂપ આલેખન છે.*

## પ્રસ્તાવના

"હિંદુ" શબ્દ ઘણો જૂનો છે, અને એવું માનવામાં આવે છે કે તેનો ઉપયોગ ભારતીય ઉપખંડના (પશ્ચિમના પાકિસ્તાન અને ઉત્તરીય ભારત) ઉત્તર પશ્ચિમ ભાગમાં સિંધુ નદીના નામ તરીકે થયો હતો. વિદ્વાનોના જણાવ્યા મુજબ, હિંદુ ધર્મ એ વિશ્વનો સૌથી પ્રાચીન ધર્મ છે, જેના મૂળ અને રીતરિવાજો ૪,૦૦૦ વર્ષ કરતા વધુ વર્ષો પૂર્વેના છે. આજે, લગભગ ૯૦૦ મિલિયન(૯૦ કરોડ) અનુયાયીઓ સાથે, હિન્દુ ધર્મ ખ્રિસ્તી અને ઇસ્લામ પછીનો ત્રીજો સૌથી મોટો ધર્મ છે. વિશ્વના લગભગ ૯૫ ટકા હિંદુઓ ભારતમાં વસે છે. હિન્દુ ધર્મ એ રીતે વિલક્ષણ છે કે, હિંદુ ધર્મનો કોઈ વિશિષ્ટ સ્થાપક નથી અને તે માત્ર એક જ ધર્મ નથી, પરંતુ ઘણી બધી પરંપરાઓ અને દર્શનનું સંકલન છે.

## હિન્દુ ધર્મની કેટલીક મૂળભૂત માન્યતાઓ

- હિન્દુ ધર્મ ઘણા ધાર્મિક વિચારોને સ્વીકારે છે. આ કારણોસર, તેને એક સંગઠિત ધર્મ કેહવા કરતા "જીવનનો માર્ગ" અથવા " સર્વધર્મ પરિવાર" એવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- હિન્દુ ધર્મના મોટાભાગનાં સ્વરૂપો એકેશ્વરવાદી છે, જેનો અર્થ છે કે, તેઓ એક જ દેવતાની ઉપાસના કરે છે, જેને "બ્રહ્મ" તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ જુદા જુદા અન્ય દેવી-દેવતાઓને માનનારા અનુયાયીઓ માને છે કે, તેમના ભગવાન સુધી પહોંચવાના ઘણા રસ્તાઓ છે.
- હિન્દુઓ સંસારના સિધ્ધાંતો (જીવન, મૃત્યુ અને પુનર્જન્મનું સતત ચક્ર) અને કર્મ (પ્રયોજન અને પરિણામનો વૈશ્વિક સિદ્ધાંત)માં વિશ્વાસ રાખે છે.
- હિન્દુ ધર્મના મુખ્ય વિચારોમાંનો એક વિચાર છે "આત્મા".આ ફિલસૂફી એવું કહે છે કે, જીવંત પ્રાણીઓમાં આત્મા હોય છે, અને તે પરમઆત્માનો ભાગ છે. જેનો ધ્યેય “મોક્ષ” અથવા "મુક્તિ" પ્રાપ્ત કરવાનો છે, જે પુનર્જન્મના ચક્રને સમાપ્ત કરી જીવને પૂર્ણ આત્માનો ભાગ બનાવે છે.
- આ ધર્મનો એક મૂળ સિદ્ધાંત એ પણ છે કે, તમારા કાર્યો અને વિચારો તમારા વર્તમાન અને ભાવિ જીવનને સીધા પ્રભાવિત કરે છે.
- હિન્દુઓ ધર્મ પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે, જે જીવનધોરણ; સારા આચરણ અને નૈતિકતા પર ભાર મૂકે છે.
- હિન્દુઓ તમામ જીવંત જીવોનો આદર કરે છે અને ગાયને એક પવિત્ર પ્રાણી માને છે.

RRIJM 2015, All Rights Reserved

- હિંદુઓ માટે ખોરાક જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ભારતના પ્રદેશે પ્રદેશે ખોરાકની વિવિધતા જોવા મળે છે.જેમાં ત્યાંના સ્થાનિક ઇતિહાસ અને સંસ્કૃતિની ઝાંખી હોય છે. હિંદુઓ માંસાહારી અને શાકાહારી બન્ને હોય છે.
- હિન્દુ ધર્મ બૌદ્ધ, શીખ અને જૈન ધર્મ સહિત અન્ય ભારતીય ધર્મો સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.

### હિન્દુ ધર્મના પ્રતીકો

હિન્દુ ધર્મ સાથે જોડાયેલા બે પ્રાથમિક પ્રતીકો છે, ઓમ અને સ્વસ્તિક. સ્વસ્તિક શબ્દનો અર્થ સંસ્કૃતમાં "સારા નસીબ" અથવા "સુખી થવું" છે, અને તેનું પ્રતીક સારા નસીબનું પ્રતિનિધિત્વ કરે છે.ઓમ પ્રતીક ત્રણ સંસ્કૃત અક્ષરોથી બનેલું છે અને તે ત્રણ ધ્વનિ (અ+ઉ+મ)નું પ્રતિનિધિત્વ કરે છે, જે ભેગા થાય ત્યારે તેને પવિત્ર ધ્વનિ માનવામાં આવે છે. ઓમ(ૐ)નો આકાર આગળથી ત્રગડા જેવો હોય છે અને ઉપરના ભાગે બિન્દુ હોય છે.ઓમ વિશે સંસ્કૃતના એક શ્લોકમાં કહેવાયું છે કે,ઓમ સર્વ પ્રકારની કામનાઓને પૂરી કરનાર અને મોક્ષ આપનાર છે.

### હિન્દુ ધર્મના પવિત્ર પુસ્તકો

એક પવિત્ર પુસ્તકની અવધારણા હિન્દુ ધર્મમાં નથી તે ઘણા પવિત્ર લખાણોને મહત્વ આપે છે. વેદ તરીકે ઓળખાતા તેના પ્રાથમિક પવિત્ર ગ્રંથોની રચના પૂર્વ વૈદિક કાળ (ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૦૦૦) માં થઇ હશે તેમ માનવામાં આવે છે. વેદ એક પેઢીથી બીજી પેઢી સુધી મૌખિકરૂપે બોલીને તથા સાંભળીને હસ્તાંતરિત થયેલા હોવાથી તેને 'શ્રુતિ' પણ કહે છે. વેદ ચાર છે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. હિન્દુઓનું માનવું છે કે વેદ સમયથી આગળ છે અને તેની શરૂઆત અથવા અંત નથી. ઉપનિષદો, સુત્રગ્રંથો, શ્રીમદ્ ભગવદ્ ગીતા, અઢાર પુરાણો, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યક ગ્રંથો, રામાયણ અને મહાભારતને પણ હિન્દુ ધર્મમાં મહત્વપૂર્ણ ગ્રંથો માનવામાં આવે છે.

### હિન્દુ ધર્મની ઉત્પત્તિ

મોટાભાગના વિદ્વાનોનું માનવું છે કે હિંદુ ધર્મની શરૂઆત ક્યાંક ૨૩૦૦ ઈ.પૂ. અને ૧૫૦૦ ઈ.પૂ. સિંધુ ખીણમાં, હાલના પાકિસ્તાન નજીક થઇ હશે. પરંતુ ઘણા હિન્દુઓ એવી દલીલ કરે છે કે તેમની શ્રદ્ધા સમયાતીત છે અને હિન્દૂ ધર્મ સદા- સનાતન હંમેશા અસ્તિત્વમાં ઉપસ્થિત છે. અન્ય ધર્મોથી વિપરીત, હિન્દુ ધર્મમાં કોઈ એક સ્થાપક નથી, પરંતુ તે વિવિધ માન્યતાઓનું મિશ્રણ છે.લગભગ ૧૫૦૦ ઈ.પૂ. ઈન્ડો-આર્યન લોકોએ સિંધુ ખીણમાં સ્થળાંતર કર્યું, અને તેમની ભાષા અને સંસ્કૃતિ આ પ્રદેશમાં રહેતા સ્વદેશી લોકોની સાથે ભળી ગઈ. આ સમય દરમિયાન કોણે કોને વધુ પ્રભાવિત કર્યો તે ચર્ચાનો વિષય છે.જ્યારે વેદની રચના કરવામાં આવી હતી તે સમયગાળો "વૈદિક કાળ" તરીકે જાણીતો બન્યો.બલિદાન અને જાપ જેવા કર્મકાંડ વૈદિક કાળમાં સામાન્ય હતા. હિન્દુઓ દેવી-દેવતાઓ, ખાસ કરીને વિષ્ણુ, શિવ અને દેવીની પૂજા પર ભાર મૂકવા લાગ્યા હતા. ધર્મની વિભાવના નવા ગ્રંથોમાં રજૂ કરવામાં આવી હતી, અને બૌદ્ધ અને જૈન ધર્મ જેવા અન્ય ધર્મો પણ ઝડપથી ફેલાયા હતા.

### હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મ

હિન્દુ ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ઘણી સમાનતાઓ છે. બૌદ્ધ ધર્મ હિન્દુ ધર્મમાંથી ઉદ્ભવ્યો છે. બંને પુનર્જન્મ અને કર્મમાં વિશ્વાસ કરે છે. બન્ને સ્વીકારે છે કે ધ્યાન એ મોક્ષનો માર્ગ છે. પરંતુ બંને ધર્મો વચ્ચે કેટલાક મુખ્ય તફાવતો અસ્તિત્વમાં છે: બૌદ્ધ ધર્મ હિન્દુ ધર્મની જાતિ પ્રણાલી, ધાર્મિક વિધિઓ, પુરોહિત અને દેવતાઓ વગેરેને નકારે છે. જે હિન્દુ ધર્મમાં અભિન્ન અંગ છે.

### હિન્દુ ભગવાન

હિન્દુઓ અનેક દેવી-દેવતાઓની ઉપાસના કરે છે. જીવનની બધી બાબતોમાં જેની ઉપસ્થિતિ શ્રેષ્ઠ માનવામાં આવે છે તેવા કેટલાક સૌથી જાણીતા દેવી-દેવતાઓ નીચે પ્રમાણે છે:

- બ્રહ્મા: વિશ્વ અને સર્વ સૃષ્ટિના સર્જન માટે જવાબદાર દેવ
- વિષ્ણુ: બ્રહ્માંડનું સંરક્ષણ અને રક્ષા કરનાર ભગવાન
- શિવ: તે ભગવાન કે જે ફરીથી બનાવવા માટે બ્રહ્માંડનો નાશ કરે છે
- રામ: અયોધ્યાનાં રાજા, વિષ્ણુનાં અવતાર, મર્યાદા પુરુષોત્તમ પુરુષ
- ઇન્દ્ર: પૃથ્વીલોક, સ્વર્ગલોક અને પાતાળલોક પૈકીના સ્વર્ગલોકના રાજા
- ગણેશ: શિવજીના પુત્ર, કોઇ પણ કાર્યની શરૂઆત વિઘ્નહર્તા અને ઇષ્ટ છે.
- ગાયત્રી: તમામ વેદોની માતા
- દેવી: ધર્મ પુન:સ્થાપિત કરવા માટે લડતી શક્તિ
- કૃષ્ણ: કરુણા, માયા અને પ્રેમના દેવ
- લક્ષ્મી: સંપત્તિ અને શુદ્ધતાના દેવી
- સરસ્વતી: વિદ્યાના દેવી

RRIJM 2015, All Rights Reserved 

- કાલિ: શાશ્વત ઊર્જા અને શક્તિ ના દેવી

### ઉપાસના માટેના હિન્દુ સ્થાનો

હિન્દુ જેને આરાધના, પૂજા, અંજલિ, ભક્તિ, ઉપાસના કહે છે, તે સામાન્ય રીતે મંદિરમાં થાય છે. હિન્દુ ધર્મના અનુયાયીઓ ગમે ત્યારે મંદિરની મુલાકાત લઈ શકે છે. હિન્દુઓ ઘરે પણ પૂજા-અર્ચના કરી શકે છે, અને ઘણા લોકો અમુક દેવી-દેવતાઓને સમર્પિત એક વિશેષ મંદિર બનાવે છે. અર્પણ કરવું એ હિંદુ પૂજાનો એક મહત્વપૂર્ણ ભાગ છે કોઈ દેવ અથવા દેવીને ભેટો, જેમ કે ફૂલો અથવા તેલ, ભેટ આપવી એ સામાન્ય પ્રથા છે. ભારતના ખ્યાતનામ મંદિરો અને અન્ય પવિત્ર સ્થળો તીર્થસ્થાનો કહેવાય છે.

### હિંદુ ધર્મના સંપ્રદાયો

હિન્દુ ધર્મમાં ઘણા સંપ્રદાયો છે, અને તેઓ નીચેના ભાગોમાં વહેંચાયેલા છે: ઇષ્ટદેવની ભિન્નતાને લઈને મુખ્ય સંપ્રદાય છે, શૈવ (શિવના અનુયાયીઓ) વૈષ્ણવ (વિષ્ણુના અનુયાયીઓ). શક્તિ/શાક્ત (દેવીના અનુયાયીઓ) સ્મર્તા (બ્રહ્મના અનુયાયીઓ અને તમામ મોટા દેવતાઓ) સૌર (સૂર્ય અનુયાયીઓ) અને ગાણપત (ગણપતિ અનુયાયીઓ). વિચારની ભિન્નતાને લઈને મુખ્ય સંપ્રદાય છે - શંકરાચાર્યનો અદ્વૈત, રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત, મધ્વાચાર્યનો દ્વૈત, નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈત, વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત, ચૈતન્ય મહાપ્રભુનો અચિંત્ય ભેદાભેદ. કેટલાક હિંદુઓ હિન્દુ ત્રૈક્યને માને છે, જેમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવનો સમાવેશ થાય છે. અન્ય લોકો માને છે કે બધા દેવતાઓ એકની અભિવ્યક્તિ છે.

### હિંદુ ધર્મ અને શ્રીમદ્ ભગવદ્ ગીતા

**શ્રીમદ્** ભગવદ્ ગીતા હિંદુ ધર્મમાં ખૂબ મહત્વ ધરાવે છે અને તે હિન્દુઓનો સૌથી પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ માંથી એક છે. મૂળ ભગવદ્ ગીતા સંસ્કૃતમાં રચાયેલી છે, જેમાં કુલ ૧૮ અધ્યાય અને ૭00 શ્લોકો છે. ગીતાનો સમયકાળ આશરે ઇ.સ. પૂર્વે 3066નો માનવામાં આવે છે. ગીતાના અઢારમા અધ્યાયના અંતે ભગવાન કહે છે કે - સાચો માર્ગ શું છે તે મેં તને જણાવ્યું, હવે તારે જે પ્રમાણે વર્તવું હોય તે મુજબ કર. આમ ગીતા કોઈ સામાન્ય ધર્મગ્રંથની જેમ કશું કરવા માટે આગ્રહ કરતી નથી, પરંતુ સાચો માર્ગ બતાવી માનવને નિર્ણય લેવા માટે સ્વતંત્રતા આપે છે.મહાન હિન્દુ સુધારક રાજા રામ મોહન રોયે એવું કહે છે કે, “ભગવદ્ ગીતાએ સમસ્ત હિન્દુ શાસ્ત્રોનો સાર છે”.

### હિન્દુ ધર્મમાં જાતિ(વર્ણ)વ્યવસ્થા

જાતિ(વર્ણ)વ્યવસ્થા ભારતમાં એક એવો સામાજિક વંશવેલો છે જે હિન્દુઓને તેમના કર્મ અને ધર્મના આધારે વિભાજિત કરે છે. ઘણા વિદ્વાનોનું માનવું છે કે આ જાતિ(વર્ણ)વ્યવસ્થા 3000 વર્ષથી વધુ જૂની છે.

હિન્દુ ધર્મમાં ચાર મુખ્ય જાતિઓનો (વિશિષ્ટતાના ક્રમમાં) સમાવેશ થાય છે:

૧. બ્રાહ્મણ: બૌદ્ધિક અને આધ્યાત્મિક આગેવાનો
૨. ક્ષત્રિયો: સમાજના રક્ષકો અને જાહેર સેવકો
૩. વૈશ્ય: કુશળ ઉત્પાદકો
૪. શૂદ્રો: અકુશળ મજૂરો

ઉપરોક્ત જાતિઓની અંદર પણ અનેક પેટા જાતિઓ અસ્તિત્વમાં હોય છે. હિન્દૂ ધર્મમાં "અસ્પૃશ્યો" નો વર્ગ છે. જે જાતિ(વર્ણ)વ્યવસ્થાની બહાર હોય છે અને જેને સામાજિક શ્રેણીના સૌથી નીચા સ્તરે રાખવામાં આવે છે. સદીઓથી આ જાતિગત વ્યવસ્થા પ્રણાલી ભારતમાં દરેક વ્યક્તિની સામાજિક, વ્યાવસાયિક અને ધાર્મિક હેસિયત અને પ્રતિષ્ઠાના દરેક પાસાને નિર્ધારિત કરે છે. જ્યારે ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું, ત્યારે તેના બંધારણકર્તાઓએ જાતિના આધારે થતા ભેદભાવ પર પ્રતિબંધ મૂક્યો હતો. આજે પણ ભારતમાં જાતિ વ્યવસ્થા હજી અસ્તિત્વમાં છે.ગ્રામીણ અને શહેરી પરિવેશમાં જુદા જુદા દ્રષ્ટિકોણથી લોકો તેને અનુસરે છે. ઘણા જુના રિવાજોની અવગણના કરવામાં આવે છે, પરંતુ કેટલીક પરંપરાઓ, જેમ કે ફક્ત કોઈ વિશિષ્ટ જાતિમાં જ લગ્ન કરવા, તે હજી ચુસ્ત રીતે સ્વીકારવામાં આવે છે.

### હિન્દુ તહેવારો

હિન્દુઓ અસંખ્ય પવિત્ર દિવસો, રજાઓ અને તહેવારો ઉજવે છે.કેટલાક ખૂબ જાણીતા તહેવારો નીચે મુજબ છે.

- દિવાળી: પ્રકાશના પર્વ તરીકે જાણીતો છે.
- નવરાત્રી: શક્તિ/દેવીના નવ સ્વરૂપોની પૂજા અને ગરબા રમવાનો તહેવાર
- હોળી: રંગોનો અને વસંતનો ઉત્સવ
- જન્માષ્ટમી: કૃષ્ણ જન્મોત્સવ
- રક્ષાબંધન: બહેન-ભાઈના નિર્મળ પ્રેમની ઉજવણી
- મહાશિવરાત્રી: ભગવાન શંકરને સમર્પિત દિવસ.

RRIJM 2015, All Rights Reserved

## હિંદુ ધર્મમાં જીવનનો હેતુ શું છે?

હિન્દુઓના જીવનમાં ચાર વિશિષ્ટ લક્ષ્યો છે. ધર્મ: સદાચારથી જીવન ફરજો પૂર્ણ કરવી. અર્થ : સફળતા અને સંપત્તિ મેળવવા. કર્મ: તમામ સ્વરૂપોમાં આનંદ શોધવો. મોક્ષ: સંસારચક્ર માંથી મુક્તિ મેળવવી. હિંદુ ધર્મમાં માનવ જીવનના પ્રથમ ત્રણ લક્ષ્યો મુખ્યત્વે જીવનની ગુણવત્તા સાથે સંબંધિત છે અને તે હિન્દુઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ મોક્ષ સૌથી મહત્વપૂર્ણ ધ્યેય છે. હિંદુ ધર્મ મોક્ષને અનુસરવા માટે ઓછામાં ઓછા ત્રણ માર્ગ પ્રદાન કરે છે: ધાર્મિક વિધિ-ક્રિયાનો માર્ગ, જ્ઞાન-ધ્યાનનો માર્ગ અને ભક્તિનો માર્ગ. હિંદુઓ સામાન્ય રીતે કોઈ પણ એક માર્ગને પ્રાધાન્યતા આપી અપનાવે છે.

## નિષ્કર્ષ

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે "જો કોઈ માણસ પોતાના ધર્મના હૃદય સુધી પહોંચે છે, તો તે બીજા ધર્મના હૃદયમાં પણ પહોંચી ગયો હોય છે. કારણકે એક જ ઈશ્વર છે, પરંતુ તેને પામવાના ઘણા રસ્તાઓ છે." આમ હિન્દુ ધર્મના કેટલાય વિચારો માનવસભ્યતાને એકીકૃત કરે છે, હિન્દુ ધર્મ એક અત્યંત સહિષ્ણુ ધર્મ છે જે તેના અનુયાયીઓને તેમની પોતાની માન્યતા પ્રમાણેની જીવન પદ્ધતિ પસંદ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. તેવું દુર્લભ છે કે બે હિન્દુઓ એક સરખી વાત માને અને અનુસરે એ જ હિન્દુ ધર્મનો ઉત્કૃષ્ટ સત્વ અને સારાંશ છે.

## સંદર્ભ


[1]. Chakravarti, Sitansu. (૧૯૯૪). Hinduism, a Way of Life. Varanasi: Motilal Banarsidass.

[2]. Sinha, Shivendra Kumar. (૨૦૦૮). Basics of Hinduism. New Delhi: Unicorn Books.

[3]. ભાણદેવ. (૧૯૯૯). આપનો વ્હાલો હિન્દુ ધર્મ. રાજકોટ: પ્રવીણ પ્રકાશન.


RRIJM 2015, All Rights Reserved